# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૧ તા.૨૬-૧૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બી.એલ.ઓ. વળતર રજા આપવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : ઈએલઆર/૧૪૨૪-૫૦૧(૨)-૬ તા.૧૪-૦૮-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મતદાર નોંધણી અધિકારી દ્વારા મતદાર નોંધણી ઝુંબેશ સંદર્ભે જે શિક્ષકોને બીએલઓ તરીકેની કામગીરી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન સોંપવામાં આવેલ હતી. સદરહુ કામગીરી કરેલ શિક્ષકોને તેમણે જેટલા રવિવારે મતદાર યાદી નોંધણી ઝુંબેશ કામગીરી કરેલ હોય તેની સામે વળતર રજા આપવાની થાય છે. આપવાની થતી વળતર રજાની પાત્રતા ચૂંટણી નોંધણી અધિકારી દ્વારા કરેલ કામગીરીના પ્રમાણપત્રના સાધનિક કાગળો સાથે ચકાસણી કરી મુખ્ય શિક્ષકશ્રીએ વળતર રજા તરીકે મંજુર કરવાની રહેશે. વળતર રજાઓ અંગેનું અલગથી રેકર્ડ નિભાવવાનું રહેશે. આ મુજબ આપેલી વળતર રજા શાળાના ૨/૩થી વધુ શિક્ષકો રજા પર ન રહે તે રીતે પરચુરણ રજા તરીકે મંજુર કરવાની રહેશે. એક સમયે માત્ર એક જ રજા મંજૂર કરવાની રહેશે. આ રજાઓનો સમયગાળો ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાનનો રહેશે. વાર્ષિક નિરીક્ષણ સમયે સુપરવાઈઝર/મદદનીશ શાસનાધિકારી પાસે મંજૂર કરેલ રજાઓ પ્રમાણિત કરાવવાની રહેશે.

તા.૨૬-૧૧-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી